ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 20th April, 2026

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે
તા. 22 એપ્રિલ 2026ના રોજ શ્રી વિદ્યાવિહાર સ્કૂલ, દેસાઈનગર, ભાવનગર ખાતે

## "Our Power, Our Planet" થીમ વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. **જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.**

પ્રતિ વર્ષે 22 એપ્રિલે વિશ્વ પૃથ્વી દિવસ વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવે છે, જેનો મુખ્ય હેતુ પર્યાવરણ જાગૃતિ ફેલાવવાનો અને ટકાઉ વિકાસ તરફ પ્રેરણા આપવાનો છે. આ વર્ષે "Our Power, Our Planet" થીમ હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ભાવનગર અને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા. 22 એપ્રિલ 2026ના રોજ શ્રી વિદ્યાવિહાર સ્કૂલ, દેસાઈનગર, ભાવનગર ખાતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. કાર્યક્રમ સવારે 07:30 કલાકથી શરૂ થશે.

આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા તેમજ "Our Power, Our Planet" વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે 07:30 થી 09:30 દરમિયાન ચિત્ર સ્પર્ધા, 09:30 થી 11:00 દરમિયાન વ્યાખ્યાન, 11:00 થી 11:30 દરમિયાન મુખ્ય મહેમાનોના ઉદ્બોધન, 11:30 થી 12:00 દરમિયાન ઇનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થાકી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ, સર્જનાત્મકતા અને જવાબદારી વધારવાનો તેમજ સમાજમાં પર્યાવરણમૈત્રી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

---

પ્રતિ,
તંત્રી શ્રી,

જય વિજ્ઞાન,
ઉપરોક્ત માહિતીને આપના સુપ્રસિધ પ્રેસ મીડિયા / ઇલેક્ટ્રોનિક મીડિયામાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા નમ્ર અરજ સહ...
આપનો જ,

Verified Digital Signature
20-04-2026 17:50

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.